

# રામભક્ત



वर्ष : २१, - अंकसंख्या : ५ - सलंग अंक : २२९
वि.सं. : २०८२ अधिक जेठ - दिनांक: १०-५-२०२६





**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)**

સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫

E-mail : rambhakt.svkd@gmail.com • http://www.rambhaktsvkd.org

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને મિષ્ટ ભોજન તિથી યોજના અંતર્ગત રૂા.૩૦૨૨૨/- બે તિથીનું દાન (ધોળીધાર)



સ્વ. દલપતરામ મકનદાસ ટીલાવત

રાણાવાવ તાલુકા મંડળ ના રામભક્તના કન્વીનર શ્રી મનોજભાઈ દલપતરામ ટીલાવત ના પિતાશ્રી અને માતૃશ્રી તેમજ આપણા રાજ્ય મંડળના ટ્રસ્ટી / ચેરમેન શ્રી કિશોરકુમાર હિંમતલાલ નિમ્બાર્ક (રાણાવાવ) ના મામા અને મામી સાકેતવાસી થતા તેઓની કાયમી પૂણ્ય સ્મૃતિમાં શ્રી બજરંગદાસ બાપા કન્યા છાત્રાલય સાવરકુંડલા સંસ્થાની ચાલતી કાયમી મિષ્ટ ભોજન તિથી યોજના અંતર્ગત સ્વ.ની તિથી ના દિવસે પ્રતિવર્ષ છાત્રબાળાઓને મિષ્ટ ભોજન આપવા માટે સંસ્થાના દયાવિધી કાયમી નિભાવ ફંડમાં બે તિથી નું અનુદાન મળેલ છે.



સ્વ. કાન્તાબેન દલપતરામ ટીલાવત

**સ્વ. દલપતરામ મકનદાસ ટીલાવત મું ધોળીધાર તા. જામકંડોરણા**
પુણ્યતિથી :- મહા સુદ- (૭)સાતમ, સ્વ. તા. ૨૮/૦૧/૨૦૨૩

**સ્વ. કાન્તાબેન દલપતરામ ટીલાવત મું ધોળીધાર તા. જામકંડોરણા**
પુણ્યતિથી :- ફાગણ સુદ- (૬) છઠ, સ્વ. તા. ૨૩/૦૨/૨૦૨૬

પ્રેરણા : કિશોરકુમાર હિંમતલાલ નિમ્બાર્ક (રાણાવાવ) ટ્રસ્ટી/ચેરમેન શ્રી ગુ.રા.સા.સ.ઉ. મંડળ

### -: હસ્તે :-


સ્વ.રસીકભાઈ ડી.ટીલાવત (મોટા પુત્ર) રાજકોટ
શ્રી ગીરીષભાઈ ડી.ટીલાવત (પુત્ર) બરોડા
શ્રી મનોજભાઈ ડી. ટીલાવત (પુત્ર) રાણાવાવ
શ્રી ભાવીન રસીકભાઈ ટીલાવત (પૌત્ર)
શ્રી કૌષીકભાઈ રસીકભાઈ ટીલાવત (પૌત્ર)
શ્રી યશપાલભાઈ જી. ટીલાવત (પૌત્ર)

ગં.સ્વ.ચંદ્રીકાબેન આર.ટીલાવત (પુત્રવધુ)
શ્રીમતી કુસુમબેન જી. ટીલાવત (પુત્રવધુ)
શ્રીમતી ગીતાબેન એમ.ટીલાવત (પુત્રવધુ)
શ્રીમતી સોનલબેન બી. ટીલાવત (પૌત્રવધુ)
શ્રીમતી રાજેશ્રીબેન કે. ટીલાવત (પૌત્રવધુ)
શ્રીમતી પુજાબેન વાય.ટીલાવત (પૌત્રવધુ)

ગં.સ્વ. પુષ્પાબેન બાલકિશનભાઈ ટીલાવત (અમદાવાદ)
શ્રી હંસાબેન ઘનશ્યામકુમાર વિષ્ણુસ્વામી (પુત્રી) રાજકોટ
શ્રી જાગૃતિબેન ઘનશ્યામકુમાર અગ્રાવત (પુત્રી) જામનગર
શ્રી વિરલબેન બીપીનકુમાર જી. નિમાવત (પુત્રી) બાટવા
ચિ. વેદાંતભાઈ જી. ટીલાવત । ચિ. ધ્રુવભાઈ બી. ટીલાવત
ચિ. તિર્થરાજભાઈ એમ. ટીલાવત । ચિ. મિષ્ટીબેન કે. ટીલાવત

**તથા ટીલાવત પરિવાર ધોળીધાર**

રૂા.૩૦૨૨૨ પ.નં ૨૯૫/૯૬/૯૭/૯૮ થી મળેલ છે.





સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર

પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત
શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

# રામભક્ત

માસિક મુખપત્ર





**માલિક**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

**તંત્રી/પ્રકાશક**

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

**પ્રમુખશ્રી**

અરૂણભાઈ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

**મહામંત્રી**

મનીષભાઈ આઈ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

**પ્રકાશન સ્થળ**

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

**મુદ્રક**

**હરિઃૐ ઓફસેટ** પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૯૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩

સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧

સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮

સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫

**: પ્રચાર મંત્રીશ્રીઓ :**

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

**: પેટા કાર્યાલય :**

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્નુપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી, પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ, મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રૃષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨ મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી મો.૯૯૨૫૫ ૬૫૮૫૬



**પત્ર વ્યવહારનું સરનામું :- રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ, મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦**

9409851251

**E-mail : rambhakt.svkd@gmail.com**


**લવાજમ દરો...**

ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**

80G No. : AAFTS4033AF20224

## બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઇપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઇન ઉપયોગ કરી કોઇપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાં જમા કરાવવા માટે **ભા.કિ.કો. બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક** ની કોઇપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા માં જમા કરાવવા.


| | | |
|---|---|---|
| ૧. ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૧૦૦૦૩૦૧૨૧૭૫ | IFSC : GSCB0BVN003 |
| ૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫ | IFSC : SBIN0060013 |

**બેંકમાં નાણા જમા કરાવી - WhatsApp No. 94098 51251 પર જાણ કરો.**



જે સંજોગો ને અનુકૂળ થઈને જીવે છે તે સૌથી વધારે સુખી છે

# તંત્રીની કલમે.....



## આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
## નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

ગતાંકમાં પુરૂષોતમ માસ વિષે અને અધિક માસ શા માટે આવે છે તે બાબત જાણ્યું, તો પુરૂષોતમ માસમાં કથા-કિર્તન સાથે પ્રવાસ-પર્યટન પણ યોજાયા હશે. મૂળમાં ભગવાનને પાર્થવવાથી આપણાં દોષો દૂર થાય છે. પણ તેમાં સ્વાર્થ અથવા અહં આવવું ન જોઈએ. તો અધિક જેઠ માસ પછી મૂળ જેઠ માસમાં ભીમ એકાદશી જેવા તહેવારો સાથે પ્રથમ તો વિદ્યાર્થી વર્ગને ખાસ મળવાનું મન થાય છે કેમકે કોઈ પણ સમાજ કે દેશની પ્રગતી ની પ્રથમ ધરોહર હોય તો તે છે ''**યુવાવર્ગ**'' તો મિત્રો વેકેશનની મોજ મસ્તી પ્રવાસ પર્યટન અન્ય મુલાકાતો પછી હવે પાંછુ ટૂંક સમયમાં જે લક્ષે પહોંચવાનું છે. તે લક્ષ ઉપર (જેતે શૈક્ષણિક કાર્યમાં ) લાગી જવાનું છે. હું ઘણી વખત કહું છું કે લક્ષ સિધ્ધ કરવા **અર્જુનની જેમ એક નિષ્ઠ બનવું જોઈએ તો જરૂર સિધ્ધીઓના શિખરો સર કરી શકાય જ !** માટે જે જેનું લક્ષ હોય તેની સિધ્ધીને હાંસલ કરવા હવે વેકેશન ખૂલતાં લાગી જઈએ.

વાલીએ પોતાના સંતાનને નાનપણથી જ પ્રત્યેક કાર્ય નિષ્ઠા પૂર્વક કરતા શીખવવાની ખાસ જરૂરછે. આ માટે કયારેક કઠોરતાંનો સદ્ઉપયોગ પણ કરવો પડે તો પ્રેમપૂર્વક કરી શકાય.ઘણી વખત લાગણીનો અતિરેક ઉલ્ટુ પરિણામ આવી શકે છે. આ સમજ વાલીઓએ કેળવવાની જરૂર છે. આજનું ''**વેસ્ટર્ન કલ્ચર**'' મોબાઈલનો સતત મારો. આનાથી થતું મોટું નુકશાનની સમજ પ્રેમથી આપવી જરૂરી છે. દિકરીયુની બાબતમાં દિકરાઓ અભ્યાસમાં થોડા પાછળ છે જે ચિન્તાનો વિષય તો ગણાય જ! તેવી જ રીતે હાલના શિક્ષણ માળખામાં શિક્ષણ ઘણુ જ મોંઘું અને અખરૂ બનતું રહ્યુ છે. જેથી મધ્યમ વર્ગના બાળકોમાં નિરાશા-હતાશા ઘેરી લેતી હોય છે. તેવા સમયે જ્ઞાતિના ટ્રસ્ટો, સમાજ અગ્રગણ્યશ્રીઓ એ શિક્ષણ સંસ્થાઓએ બાળકોને પ્રોત્સાહીત કરી **રકમનો સદ્ઉપયોગ કરવાથી જ્ઞાતિ-સમજના ઉત્કર્ષનો પાયો મજબુત થશે અને બાળકોમાં પડેલી સુશુસ શક્તિને જગાડવા નિષ્ઠા પૂર્વકનાં પ્રયત્નો થશે તો હજુ વધુ સમાજના બાળકો આગળ આવી ગૌરવ વધારશે.**

મૂળ વાત **જેઠ સુદ અગીયારસ ને ગુરૂવાર તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ ભીમ એકાદશી છે જેને ''ભીમ અગીયારસથી''** સૌરાષ્ટ્ર-ગુજરાત ઓળખે છે તો પાંચ પાંડવમાં ભીમભાઈ ભૂખાળવા હતા. અને વનવાસ દરમ્યાન પાંચેય ને એકાદશીનું વ્રત ચાલતું હતુ કે, શીવલીંગના દર્શન કરીને પછી ફલાહાર કરવો. તો નિયમાનુસાર જેઠ માસની એકાદશી આવી પણ તે દિવસે કોઈ શીવલીંગના દર્શન થાય તેવું સ્થાન જડતુ નહોતું. અને ભીમ ભાઈથી ભૂખ સહન થતી નહોતી. જેથી સૌ તપાસ કરવા લાગ્યા. તેમા ભીમભાઈ એક નદી કિનારે ઉભા રહી વિચારવા લાગ્યા કે હવે શું કરવું તેમા ભગવાને પ્રેરણા કરી અને નદીની રેતીમાંથી સરસ મજાનું શીવલીંગ બનાવ્યું અને આજુ બાજુમાંથી ફૂલો-બીલીપત્ર લાવી પૂજન જેવો આભાસ ઉચો કરીને પછી સૌ ભાઈઓને બોલાવીને કહ્યું. જુઓ આ શિવલીંગ હમણાજ કોઈએ પૂજા કરી લાગે છે. તે જોઈને પાંચેય ભાઈઓ દ્રોપદી સહીત દર્શન કરી સાથે રાખેલા ફળોથી ફલાહાર કર્યુ. જલપાન કર્યા પછી ભીમભાઈ મોટેથી હસવા લાગ્યા જેથી સૌએ પૂછયું કે કેમ હસે છે? ત્યારે ભીમભાઈ એ હાથમાં ગદા લઈને હકીકત શું છે તે બતાવતા શીવલીંગ ઉપર ગદાનો પ્રહાર કરતા અસલ શીવલીંગ બની ગયું અને તેમાંથી દુધની ધારા વછુટી તે જોઈ સૌ નવાઈ પામ્યા અને તે **વખતે પાંડવાએ ત્યાં શીવલીંગની સ્થાપના કરી જે આજનું બરવાળા તા.નુ ''ભીમનાથ મહાદેવ'' જાડના વૃક્ષોની ઘટામાં મોજુદ છે. મોટો મેળો ભરાય છે.**

**છેલ્લે :- ભરોસો એટલે આપણા ઈષ્ટ ઉપર દ્રઢ વિશ્વાસ હોય તો હરેક કાર્ય સિધ્ધ થાય છે ! ઈશ્વર આપણા સૌને એકતાનો એવા પ્રકાશ અર્પે છે જે સમગ્ર વિશ્વને પોતાનામાં સમાવી લે છે અને માનવ માત્રનું કલ્યાણ થાય તેવી તેમની દ્રષ્ટિ હોય છે.... ભરોસો હોવો જોઈએ!**

**તંત્રી**



# :: સંસ્થા સમાચાર ::

**શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકૂળ કન્યા છાત્રાલયમાં દયાવિધિ તિથી ભોજન (મિષ્ટભોજન) અંતર્ગત વેકેશન દરમ્યાન આવતી તિથીઓ ઉજવેલ નથી જેની યાદી**

**વૈશાખ સુદ-૯ થી અધિક જેઠ વદ - ૮**

**(તા.૨૫/૦૪/૨૦૨૬ થી તા.૦૮/૦૬/૨૦૨૬ સુધી વેકેશન)**

(૧)તા.૨૫/૪/૨૬ -પુણ્યતિથી- સ્વ.જનકભાઈ મનોરદાસ આચાર્ય (અમદાવાદ)
હ.ગં.સ્વ. કલાબેન જનકભાઈ આચાર્ય તથા ધ્રુવકુમાર જે. આચાર્ય

(૨)તા.૨૬/૪/૨૬ - વૈશાખ સુદ-૧૦-પુણ્યતિથી- સ્વ. જયાબેન વજેરામજી દેવમુરારી (રાજકોટ)
હ. ઘનશ્યામભાઈ વજેરામજી દેવમુરારી

(૩)તા.૨૮/૪/૨૬ - વૈશાખ સુદ-૧૨-પુણ્યતિથી- - સ્વ. કાંતિલાલ જયંતિલાલ દેવમુરારી (રાજકોટ)
હ.ડો.અતુલભાઈ કે.દેવમુરારી(ટ્રસ્ટી-ઉપપ્રમુખ), શ્રીમતિ કવિતાબેન અતુલભાઈ દેવમુરારી

(૪)તા.૩૦/૪/૨૬ - વૈશાખ સુદ-૧૪ -પુણ્યતિથી- સ્વ. શાંતાબેન બાલકદાસજી નિમાવત (કચ્છ-અંજાર)
હ.ગુણવંતરાય બાલારામ નિમાવત , શ્રીમતિ ભાવનાબેન ગુણવંતરાય નિમાવત

(૫)તા.૦૧/૦૫/૨૦૨૬ - મેરેજ ડે - ધવલકુમાર સંગ ખુશ્બુબેનના લગ્ન પ્રસંગે (જામનગર)
હ.રશ્મિકાંત (પારૂભાઈ) પ્રાણજીવનદાસજી અગ્રાવત

(૬)તા.૧૦/૦૫/૨૦૨૬ - પુણ્યતિથી - ગૌ.વા બચીબેન નરોત્તમદાસજી નિમ્બાર્ક - ભાવનગર
હ.મંજુલાબેન ચંપકભાઈ શાહ.

(૭)તા.૧૧/૦૫/૨૦૨૬ - જન્મદિન - નિષ્ઠાબેન નયનકુમાર રાણપુરા (લીંબડી)
હ. અ.સૌ. કોમલબેન નયનકુમાર રાણપુરા પ્રે.મહંતશ્રી લલીત કિશોરદાસજીબાપુ લીંબડી

(૮)તા.૩૧/૦૫/૨૦૨૬, પુણ્યતિથી - સ્વ. ચંપાબેન છગનદાસજી લશ્કરી (હડાળા)
હ. મણીરામબાપા ગુરૂશ્રી દયારામબાપા સીતારામ સેવા આશ્રમ હડાળા રાજકોટ

(૯)તા.૦૭/૦૫/૨૦૨૬, વૈશાખ વદ-૫ પુણ્યતિથી - સ્વ. રમણિકભાઈ કાંતિલાલ અગ્રાવત
(સોળવદર) શાપર વેરાવળ હ. યશવંતભાઈ કે. અગ્રાવત તથા ગં.સ્વ.કાંતાબેન આર.અગ્રાવત

:: નોંધ ::

ઉપરોક્ત તિથીઓ વેકેશન સમયને કારણે ઉજવી શક્યા નથી ક્ષમા આપશો.

**- સંચાલન સમિતી, સાવરકુંડલા**

રામાનંદી સાધુ સમાજની ગૌરવગાથાને વર્ણવતું મુખપત્ર એટલે...
જ્યાં વસે રામાનંદી ત્યાં હશે, **રામભક્ત**

# અભિનંદન.. અભિનંદન..


## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ સાવરકુંડલા કન્યાછાત્રાલય
## ધો.૧૦ તથા ધો.૧૨નું સને.૨૦૨૫/૨૬ નું ઝળહળતું પરિણામ

આપણી સંસ્થા રામાનંદ ગુરૂકુળ-કન્યા છાત્રાલય સા.કું નું ખુબજ સારૂ પરિણામ આવ્યુ છે. છાત્રબાળાની મહેનત રંગ લાવી સંસ્થાની સંચાલન કરતી ટીમ, ગૃહપતિ, ગૃહમાતા ટ્યુશન કરાવતા શિક્ષક-સ્કૂલના આચાર્ય, સ્ટાફ બધાને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભ કામના - સહ આભાર.

## ધો.૧૨ H.S.C બોર્ડ પરીક્ષા પરિણામ - સાવરકુંડલા




નામ : દેવમુરારી નિકીતાબેન પ્રવિણભાઇ
ધોરણ : ૧૨ આટર્સ
ટકા : ૮૨%
સરનામું : મુ.ડુડાંશ, તા.મહુવા જિ.ભાવનગર



નામ : અગ્રાવત ખુશાલીબેન અમરદાસભાઈ
ધોરણ : ૧૨ કોર્મસ
ટકા : ૭૦%
સરનામું : મુ.મોતીસર ,તા.ગીર ગઢડા જિ.ગીર સોમનાથ



નામ : ભાવનીયા ધ્રુવિકાબેન અલ્પેશભાઇ
ધોરણ : ૧૨ આટર્સ
ટકા : ૬૮%
સરનામું : મુ.સાજીયાવદર, તા.અમરેલી જિ.અમરેલી



નામ : લશ્કરી જેનિશાબેન છબીલદાસભાઈ
ધોરણ : ૧૨ આટર્સ
ટકા : ૬૮%
સરનામું : મુ.લાલાવદર તા.અમરેલી જિ.અમરેલી



નામ : કુબાવત ટિવન્કલબેન વિજયભાઇ
ધોરણ : ૧૨ આટર્સ
ટકા : ૬૫%
સરનામું : મુ.જસદણ, તા.જસદણ જિ.રાજકોટ



નામ : અગ્રાવત દ્રષ્ટિબેન ગૌતમભાઇ
ધોરણ : ૧૨ કોમર્સ
ટકા : ૬૧%
સરનામું : મુ.લુણકી ,તા.બાબરા જી.અમરેલી



નામ : દેવમુરારી ખુશાલીબેન રામભાઇ
ધોરણ : ૧૨ આટર્સ
ટકા : ૫૩.૭૦
સરનામું : મુ.કુંડાશ , તા.મહુવા જિ.ભાવનગર

## ધો.૧૦ S.S.C બોર્ડ પરીક્ષા પરિણામ - સાવરકુંડલા



નામ : અગ્રાવત નિયતીબેન દિવ્યેશભાઈ
ધોરણ : ૧૦
ટકા : ૭૬.33%
સરનામું : મુ.ધોકડવા, તા.ગીર ગઢડા જિ.ગીર સોમનાથ



નામ : કિલાવત ક્રિષ્નાબેન ધરમદાસ
ધોરણ : ૧૦
ટકા : ૭૨%
સરનામું : મુ.જાંબુડી ,તા.વિસાવદર જી.જુનાગઢ



જે સંજોગો ને અનુકૂળ થઈને જીવે છે તે સૌથી વધારે સુખી છે



નામ : નૈનુજી હિરબેન મેહુલભાઇ
ધોરણ : ૧૦
ટકા : ૭૦.૬૭%
સરનામું : મુ.નવા પીપરીયા, તા.બગસરા, જિ.અમરેલી



નામ : કુબાવત દિયાબેન વિજયભાઈ
ધોરણ : ૧૦
ટકા : ૭૦.૬૭%
સરનામું : મું.મોણિયા ,તા.વિસાવદર જિ.જુનાગઢ



નામ : લશ્કરી જાનવીબેન વિપુલભાઈ
ધોરણ : ૧૦
ટકા : ૭૦.૩૩%
સરનામું : મુ.ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી



નામ : લશ્કરી લકીબેન દિલીપભાઈ
ધોરણ : ૧૦
ટકા : ૬૯%
સરનામું : મુ.રતનપર, તા.વલ્લભીપુર, જિ.ભાવનગર



નામ : નિમાવત શ્રેયાબેન લાલદાસભાઇ
ધોરણ : ૧૦
ટકા : ૬૨.૬૭%
સરનામું : મુ.જાંબુડા , તા.વિસાવદર જિ.જુનાગઢ



નામ : સુખાનંદી હેત્વીબેન પ્રધુમનભાઇ
ધોરણ : ૧૦
ટકા : ૬૧.૩૩%
સરનામું : મું.ચાંદ્રાવાડી, તા.મેંદરડા જિ.જુનાગઢ



નામ : કિલજી ખુશાલીબેન મહેશભાઈ
ધોરણ : ૧૦
ટકા : ૬૦.૫૦%
સરનામું : મુ.મોટા માણસા, તા.જાફરાબાદ, જિ.અમરેલી



નામ : નિમાવત નિરાલીબેન બળવંતભાઈ
ધોરણ : ૧૦
ટકા : ૫૭.૧૭%
સરનામું : મુ.સણોસરી, તા.ગીર ગઢડા જિ.ગીર સોમનાથ



નામ : કુબાવત ડેન્સીબેન વિજયભાઈ
ધોરણ : ૧૦
ટકા : ૪૯.૧૬%
સરનામું : મુ.જસદણ, તા.જસદણ જિ.રાજકોટ



નામ : કુબાવત જેનિશાબેન ધર્મેશભાઈ
ધોરણ : ૧૦
ટકા : ૪૫.૧૬%
સરનામું : મુ.ઈંગોરાળા , તા.ધારી, જિ.અમરેલી





**શ્રી રામાનંદી સાધુ સમાજ ગુજરાત માટે વિશેષ AI & ML ઓનલાઇન તાલીમ કોર્સ**
**ભવિષ્યની ટેક્નોલોજી શીખો, નવી તકો મેળવો!**

આ અવસરનો લાભ લઈ ટેક્નોલોજીના નવા યુગમાં આગળ વધો. આપ પણ જોડાવ અને આપના રામાનંદી ભાઈઓ બહેનો ને પણ જણાવો રામાનંદી સમાજ ના સભ્યો માટે ૬૦% ડિસ્કાઉન્ટ સાથે રૂા.૨૦૦૦/- અને સાવરકુંડલા કન્યા છાત્રાલયની બાળાઓ માટે વિના મૂલ્ય સેવા આપવામાં આવશે.

નોંધણી માટે QR Scan કરો
https://forms.gle/zmsnTYyGZ56AfCMk9
પ્રસ્તુત કરતા :
પ્રકાશ નિરંજની રાજકોટ Mo. ૯૦૧૬૬૪૭૦૦૭

**AI શીખો... ભવિષ્ય બનાવો..**

**-: કોર્સની વિશેષતાઓ :-**
- તાલીમ પૂર્ણ થયા બાદ પ્રમાણપત્ર
- સંપૂર્ણ પ્રાયોગિક તાલીમ
- સરળ ગુજરાતી ભાષામાં માર્ગદર્શન
- અનુભવી ટ્રેનર દ્વારા તાલીમ
- લાઈવ અને રેકોર્ડેડ ક્લાસ ઉપલબ્ધ

## હેપ્પી બર્થડે શુભ સંકલ્પ દાન



રાજ્યમંડળના પાયાના કાર્યકર મહિલા કન્વીનર અમારા માતૃશ્રી કાન્તાબેન નાનાલાલ અગ્રાવત(મોટાલીલીયા) ના ૭૬માં જન્મદિને દરરોજ રૂ.૧૧ લેખે ૩૬૫/ શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલયને રામભક્ત મુખપત્રને રૂા.૧૬૫/૦૦ કુલ ૫૦૦/- દાન મોકલેલ છે. કાન્તાબેન છેલ્લા ૩૬ વર્ષથી કન્યાછાત્રા ગુરૂકુળ સંસ્થાને રામભક્ત મુખપત્રને સધ્ધર બનાવવા કામ કરી રહ્યા છે. ૭૫ વર્ષ પૂર્ણ કરી તા.૧૦/૫/૨૦૨૬ ના રોજ ૭૬માં વર્ષમાં પ્રવેશ કરતા તેમના જન્મદિને ખુબ-ખુબ અભિનંદન સાથે શુભકામના પરમાત્માને પ્રાર્થના તેઓ નિરોગી લાંબુ આયુષ્ય ભોગવે અને સમાજની સેવા કરતા રહે.

લિ.

ભરતભાઈ નાનાલાલ અગ્રાવત(રાજકોટ)
કમલેશબાપુ નાનાલાલ અગ્રાવત(મોટાલીલયા)

શ્રી કાન્તાબેન નાનાલાલ અગ્રાવત
જન્મ તા. - ૧૫/૦૫/૧૯૫૧

**રૂ/-૫૦૦ પ.નં.૫૦૩ થી મળેલ છે.**

## Happy Birthday To You



શ્રી પ્રફુલભાઈ રામાવત ગામ અમદાવાદ જેઓ આપણા રાજ્ય મંડળ નાં ટ્રસ્ટી શ્રી અને દાતા શ્રી તેમજ નિવૃત્ત વૈજ્ઞાનિક ઈસરો અને અનેક સમાજ ની સંસ્થાઓ માં સેવા આપી ચૂકેલા નો આજે ૭૯ મો જન્મ દિવસ છે. તેઓ ને જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ સહ અભિનંદન. શ્રી પ્રફુલભાઈ રામાવત ને અવતરણ દિવસે શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલા પરિવાર ને રુ.૧૧૦૦/- નું અનુદાન આપેલ છે .ઈષ્ટદેવ શ્રી હનુમાનજી મહારાજ અને કુળદેવી માં શ્રીકમળાદેવીમાં તેમજ સદગુરુદેવ પૂ. બજરંગદાસ બાપા ના ચરણો માં પ્રાર્થના કે આપ નિરોગી રહો.ખુશ રહો ઈશ્વરના આશીર્વાદ સદેવ આપ પર બની રહે ફરી વાર જન્મ દિવસ ની ખૂબ ખૂબ શુભેચ્છાઓ શ્રી રાઘવેન્દ્ર સરકાર આપને સુખ, સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય દીર્ઘાયુ પ્રદાન કરે તેવી શ્રી રઘુનાથજી ને એવી પ્રાર્થના..

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ રાજ્ય મંડળ સાવરકુંડલા.**

## હેપ્પી બર્થડે શુભકામના



ચિમનભાઈ જે.ભડીંગજી
જન્મદિન ૧૮/૦૫/૨૦૨૬

ચલાલા નિવાસી ચિમનભાઈ જમનાદાસ ભડીંગજી - જેઓ રાજ્ય મંડળના કારોબારી સદસ્ય છે. તેમનો જન્મદિન ૧૮/૦૫/૨૦૨૬ ના રોજ તથા પુત્ર ચિ. કુલદિપભાઈ નો જન્મદિન ૧૭/૦૫/૨૦૨૬ ના રોજ હતો. તેમને જન્મદિવસની હાર્દિક શુભકામના સહ હેપ્પી બર્થ ડે...

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ**
**મંડળ રાજ્ય મંડળ સાવરકુંડલા**

રૂ/-૫૦૦ સ્થાન ભેટ મળેલ છે.



ચિ. કુલદિપભાઈ સી. ભડીંગજી
જન્મદિન ૧૭/૦૫/૨૦૨૬

**રામાનંદી સાધુ સમાજની ગૌરવગાથાને વર્ણવતું મુખપત્ર એટલે...**
**જ્યાં વસે રામાનંદી ત્યાં હશે, રામભક્ત**

# મુદતી (૧૦વર્ષ) લવાજમ મળ્યાની યાદી
# માહે - જાન્યુ - ફેબ્રુ - માર્ચ - ૨૦૨૬ સુધી

| ક્રમ નં. | નામ | ગામ/શહેર | આજીવન ગ્રા.નંબર | લવાજમ રકમ | પહોંચ |
|---|---|---|---|---|---|
| ૧૮૦ | રાજેન્દ્રપ્રસાદ નટવરલાલ રામાનુજ | સાયલા | ૧૨૦૭ | ૨૦૦૦/- | ૨૦૯ |
| ૧૮૧ | નવીનચંદ્રભાઈ જી.વૈષ્ણવ | અમદાવાદ | ૨૦૩૧ | ૨૦૦૦/- | ૨૧૨ |
| નવા | દિનેશભાઈ પી.બાવનીયા | અમરેલી | નવા | ૨૫૦૦/- | ૨૧૫ |
| ૧૮૨ | બજરંગભાઈ કે.નિમ્બાર્ક | કુંવાર | ૨૬૬૫ | ૨૦૦૦/- | ૨૧૭ |
| ૧૮૩ | ભાર્ગવભાઈ ટી.વૈષ્ણવ | ભાવનગર | ૨૦૨૦ | ૨૦૦૦/- | ૨૪૬ |
| નવા | સુરેશભાઈ ડી.નિમાવત | અમરેલી | નવા | ૨૫૦૦/- | ૨૧૯ |
| નવા | ઘનશ્યામદાસબાપુ | માલસર | નવા | ૨૫૦૦/- | ૧૪૦ |
| નવા | નરેન્દ્રભાઈ વી.કુબાવત | સાવડી | નવા | ૨૫૦૦/- | ૩૦૧ |
| નવા | ચંદ્રકાન્તભાઈ જે.લશ્કરી | શિહોર | નવા | ૨૫૦૦/- | ૩૧૯ |
| ૧૮૪ | શરદચંદ્ર બી.અગ્રાવત | રાજકોટ | ૨૩૦૨ | ૨૦૦૦/- | ૨૪૮ |
| ૧૮૫ | વિમલકુમાર એમ.કુબાવત | સણોસરા | ૧૯૭૮ | ૨૦૦૦/- | ૩૦૯ |
| ૧૮૬ | જયંતિભાઈ એમ.લશ્કરી | ઈંગોરાળા(ભાડ) | ૩૦૬૭ | ૨૦૦૦/- | ૨૫૨ |
| ૧૮૭ | મહેશભાઈ જી.રામપ્રસાદી | અમદાવાદ | ૧૯૯૯ | ૨૦૦૦/- | ૩૧૨ |
| ૧૮૮ | ડો.રેનીશભાઈ એ.દેવમુરારી | બોટાદ | ૧૫ | ૨૦૦૦/- | ૩૨૦ |

ઉપર મુજબ ૩૧/૩/૨૬ સુધીની યાદી છે. કોઈ ગ્રાહક રહિજવા પામેલ હોય તો, ફોન કરી જણાવશોજી. મો.૯૪૨૭૪૯૧૦૦૬

સંકલન - અરૂણભાઈ ડી.દેવમુરારી (પ્રમુખ)

### સંસ્થા સમાચાર
### શ્રી બજરંગદાસબાપા કન્યા છાત્રાલય/રામભક્ત મુખ પત્રને દાતાશ્રી/ગ્રાહકો દ્વારા બેન્કમાં જમા કરાવેલ રકમ ની વિગત આપવા બાબત.

| ક્રમ | તારીખ | બેન્ક જમા નામ-પહોંચનં | રકમ | ક્રમ | તારીખ | બેન્ક જમા નામ-પહોંચનં | રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૮/૧/૨૬ | ભા.કિ.કો.બેન્ક પ.નં.૨૨૫ | રૂા.૧૧૧૧/- | ૬ | ૧૯/૫/૨૫ | S.B.I. પ.નં.૭૩૨૨ | રૂા.૫૦૦ |
| ૨ | ૧૪/૨/૨૬ | S.B.I.બેન્ક પ.નં.૨૩૫ | રૂા.૨૦૦/- | ૭ | ૦૪/૭/૨૫ | S.B.I. પ.નં.૭૩૩૪ | રૂા.૩૦૦ |
| ૩ | ૦૮/૧/૨૬ | S.B.I.બેન્ક પ.નં.૩૦૫ | રૂા.૨૨૦૦/- | ૮ | ૧૬/૮/૨૫ | S.B.I. પ.નં.૭૩૩૭ | રૂા.૨૦૦ |
| ૪ | ૨૪/૨/૨૬ | S.B.I.બેન્ક પ.નં.૩૦૬ | રૂા.૩૦૦૦/- | ૯ | ૦૬/૯/૨૫ | S.B.I. પ.નં.૭૭૭૭ | રૂા.૧૫૦૦ |
| ૫ | ૨૫/૨/૨૬ | S.B.I.બેન્ક પ.નં.૩૦૭ | રૂા.૨૦૦/- | ૧૦ | ૧૬/૯/૨૫ | S.B.I. પ.નં.૭૭૮૪ | રૂા.૫૦૦ |
| | | | | ૧૧ | ૨૮/૯/૨૫ | S.B.I. પ.નં.૭૭૯૮ | રૂા.૨૦૦ |

ઉપરની યાદિ મુજબ બેન્કમાં નાણા જમા થયા છે. જેણે નાણા જમા કરાવ્યા હોય. તે વ્યક્તિએ કાર્યાલયને ફોન-૯૪૨૭૪ ૯૧૦૦૬ વોટ્સએપ પર વિગત મોકલો તેવી વિનંતી

લિ. અરૂણભાઈ ડી.દેવમુરારી (પ્રમુખ/ટ્રસ્ટી.)



પદ મેળવવા માટે નહીં, પરંતુ શ્રેષ્ઠતા માટે મથો.

## KEY INCOME TEX FORM CHANGES INDIA EFFECTIVE 1 APRIL 2026

# TAX YEAR 2026

(NEW INCOME TAX ACT,2025)

| OLD FORM NAME | NEW FORM NAME | DESCRIPTION |
|---|---|---|
| Form 16 | Form 130 | TDS Certificatefor salary |
| Form 26AS | Form 168 | Tex Passbook (Annual Tax Statement) |
| Form 16A | Form 131 | TDS Certificate (Non-Salary Income) |
| Form 13 | Form 128 | Lower or Nil TDS Application |
| Form 15G/15H | Form 121 | Self-Declaration for Non-Deduction |
| Form 10E | Form 39 | Relief for Salary in Arrears |
| Form 12BB | Form 124 | Employee Invesyment Declaration |
| Forms 3CA/CB/CD | Form 26 | Consolidated Tax Audit Report |

**PREPARE FOR THE TRANSITION STAY UPDATED**

**સંકલન : અરૂણભાઈ ડી.દેવમુરારી**

## રામાનંદી સાધુસમાજનાં મંડળો - જોગ

જય સીયારામ સાથ શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજય મંડળ) અપિલ કરે છે કે સારાયે ગુજરાતમાં ચાલતા મંડળો-યુવક મંડળો,મહિલા મંડળો, સમિતિઓ,ટ્રસ્ટો તેમજ સૂચિત મંડળો,શૈક્ષણીક ટ્રસ્ટો,ધાર્મિક ટ્રસ્ટો વિગરેને વિનંતી કે સમાજના હિત માટે, શૈક્ષણીક ઉત્કર્ષ માટે, ડેટાબેજ- માહિતી એકત્રીત કરવાની હોય, તે માટે આપ સૌ સહકાર આપશો. તેવી વિનંતી.

હેતુ :- ગાંધીનગર મુકામે સમાજ ભવન બને તેમાટે (જગ્યા) જમીન પ્લોટ માંગણી કરવા-

ભવન વિવિધ પ્રવૃતિમાટે શૈક્ષણીક આવાસ આરોગ્યને ઉપયોગી બને તે માટે પ્લોટની જમીન માંગણી કરવી.

નીચે મુજબ માહીતી સત્વરે આપો.

૧) મંડળ/ટ્રસ્ટ - લેટરપેડ પર સંસ્થાની વિગત ટ્રસ્ટી/હોદ્દેદારનાં નામો,ફોન..... સાથે આપવો.

૨)રાજયમંડળ સાથે જોડાણ - ધરાવતા મંડળો- પણ માહિતી આપે.

મંડળનું લેટરપેડ-વર્તમાન પ્રમુખ/મંત્રી ના નામ, સરનામા સાથે (ફોન નંબર) માહિતી આપો.

ઉપરોકત માહિતી દિન ૧૫ માં નીચેના સરનામે હાર્ડકોપી,તેમજ મોબાઈલ નંબર પર વોટ્સપ થી PDF ફાઈલ મોકલાવી.


નોંધ : રાજયમંડળ સાથે જોડાવા માંગતા મંડળો - ટ્રસ્ટો સભ્યપદ મેળવી શકે છે. આપના મંડળના લેટરપેડ પર જોડાણ અરજી મોકલી આપશોજી.

**લિ.**

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**

**ઠે.ઉતાવળા હનુમાનજી પાસે ,હાથસણી રોડ,મહાકાળીચોક, સાવરકુંડલા પીનં.૩૬૪૫૧૫**

## શ્રધ્ધાંજલી



**સ્વ.જીતેન્દ્રભાઈ ધર્મદાસબાપુ.રામાનુજ**


મુકામ : ધોળા (ગોદડજી) તા.ઉમરાળા, જી.ભાવનગર તા.૦૧/૦૬/૨૦૨૬ ને સોમવાર નાં રોજ સાકેતગમન થયેલ છે. તેઓ હર્ષવિર નાં પિતાશ્રી થાય તેમજ દિલીપભાઈ રામાનુજ (રંઘોળા) અને શ્રી અશોકભાઈ રામાનુજ પૂર્વ પ્રમુખ શ્રી અને ટ્રસ્ટી શ્રી રાજ્ય મંડળ નાં ભત્રીજા થાય. તેમના પરિવાર સાથે સમગ્ર રામાનંદી સમાજ ઊંડા દુઃખ ની લાગણી અનુભવી રહ્યા છે.. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના દિવંગત સ્વ. જીતેન્દ્રભાઈ ના દિવ્ય આત્મા ને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને પરિવાર પર આવેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે તેવી શ્રી રાધવેન્દ્ર સરકારને અને શ્રી બજરંગદાસ બાપા ના ચરણો માં પ્રાર્થના

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ રાજ્ય મંડળ સાવરકુંડલા...



પદ મેળવવા માટે નહીં, પરંતુ શ્રેષ્ઠતા માટે મથો.

## મહુવા રામાનંદી સાધુ સમાજનું ગૌરવ



ચિ. નિશાંક

અમારા પૌત્ર ચિ.નિશાંક ધો-૧૦ માર્ચ ૨૦૨૬ માં લેવાયેલS.S.C ની પરિક્ષામાં ૯૪.૫૦ ટકા અને ૯૮.૯૨ પી.આર મેળવી અગ્રાવત પરિવાર મહુવા મોસાળ પિપાવત પરિવાર બોટાદનું ગૌરવ વધારેલ છે.

Congratulations

માધવદાસ આર. અગ્રાવત
કન્વીનર - મહુવા

**મોસાળ**

પિપાવત વસંતભાઈ આઈ
પિપાવત રાહુલભાઈ વી.
પિપાવત કવિરાજ વી.
પિપાવત જીયાંશ રાહુલભાઈ

**અગ્રાવત પરિવાર**

અગ્રાવત માધવદાસ આર.
અગ્રાવત વિજયકુમાર એમ.
અગ્રાવત આશિષકુમાર એમ.
અગ્રાવત જીજ્ઞાંશ આશિષકુમાર



## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલા
## પ્રવેશ જાહેરાત - સને ૨૦૨૬-૨૭● વર્ષ - ૩૭મું

**★ધોરણ - ૮ થી કોલેજ સુધી પ્રવેશ★**

(૧) બહેનોને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.
(૨) પ્રવેશ ફોર્મ જુના અને નવા બધાજ બહેનોને ભરીને તા.૩૦/૦૫/૨૦૨૬ સુધીમાં સંસ્થાએ પહોચતા કરવાના રહેશે.
(૩) પ્રવેશ મેળવવા પ્રવેશ ફોર્મ રૂા.૨૫ ભરીને પ્રવેશ મેળવી લેવાનો રહેશે.
(૪) પ્રવેશ સાથે રૂા. ૫૦૦૦/- ભોજન લવાજમ તથા પ્રવેશ છત્ર ફી તથા રામભક્ત લવાજમ ભરવાનું રહેશે.
(૫) સ્કુલ કોલેજના એડમીશન વાલીએ જાતે મેળવી લેવાનો રહેશે.
(૬) સ્કુલ કોલેજનું એડમીશન મળ્યા પછી છાત્રાલયનું એડ્મીશન મેળવી લેવાનું રહેશે.
(૭) છાત્રાલય બહાર ટ્યુશનમાં જવા દેવામાં આવશે નહી.અનિવાર્યે વાલીની સંમતિથી બહાર જઈ શકાશે.
(૮) શાળા કોલેજ અને છાત્રાલય સવારના ૮ થી ૧૧ કલાક સુધી વેકેશન દરમ્યાન ખુલ્લા રહેશે વેકેશન દરમ્યાન પ્રવેશ કાર્ય પૂર્ણ કરી લેવું જરૂરી.
(૯) નાપાસ/રીપીટરને પ્રવેશ આપવામાં આવતો નથી

**સંસ્થામાં મોબાઈલ રાખી શકાશે નહિં.**

- સંચાલન સમિતી -

શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા
સંસ્થા ફોન નં :- ૦૨૮૪૫-૨૯૯૩૦૦, મો.નં.૬૩૫૩૮૯૦૧૯૬, ૯૪૦૯૮૫૧૨૫૧

## રામાનંદી સાધુસમાજનાં મંડળો - જોગ

જય સીયારામ સાથ શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજય મંડળ) અપિલ કરે છે કે સારાયે ગુજરાતમાં ચાલતા મંડળો- યુવક મંડળો,મહિલા મંડળો, સમિતિઓ,ટ્રસ્ટો તેમજ સૂચિત મંડળો,શૈક્ષણીક ટ્રસ્ટો,ધાર્મિક ટ્રસ્ટો વિગરેને વિનંતી કે સમાજના હિત માટે, શૈક્ષણીક ઉત્કર્ષ માટે, ડેટાબેજ- માહિતી એકત્રીત કરવાની હોય, તે માટે આપ સૌ સહકાર આપશો. તેવી વિનંતી.

હેતુ :- ગાંધીનગર મુકામે સમાજ ભવન બને તેમાટે (જગ્યા) જમીન પ્લોટ માંગણી કરવા-
ભવન વિવિધ પ્રવૃતિમાટે શૈક્ષણીક આવાસ આરોગ્યને ઉપયોગી બને તે માટે પ્લોટની જમીન માંગણી કરવી.
નીચે મુજબ માહીતી સત્વરે આપો.
૧) મંડળ/ટ્રસ્ટ - લેટરપેડ પર સંસ્થાની વિગત ટ્રસ્ટી/હોદેદારનાં નામો,ફોન..... સાથે આપવો.
૨)રાજયમંડળ સાથે જોડાણ - ધરાવતા મંડળો- પણ માહિતી આપે.
મંડળનું લેટરપેડ-વર્તમાન પ્રમુખ/મંત્રી ના નામ, સરનામા સાથે (ફોન નંબર) માહિતી આપો.
ઉપરોકત માહિતી દિન ૧૫ માં નીચેના સરનામે હાર્ડકોપી,તેમજ મોબાઈલ નંબર પર વોટ્સપ થી PDF ફાઈલ મોકલાવી.
નોંધ : રાજયમંડળ સાથે જોડાવા માંગતા મંડળો - ટ્રસ્ટો સભ્યપદ મેળવી શકે છે આપની મંડળના લેટરપેડ પર જોડાણ અરજી મોકલી આપશો.

લિ.
અરૂણભાઈ ડી.દેવમુરારી - પ્રમુખ
મનિષભાઈ. આઈ.પીપાવત - મહામંત્રીશ્રી,
કિશોરભાઈ એચ.નિમ્બાર્ક - ચેરમેન,
શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
ઠે. ઉતાવળા હનુમાનજી પાસે ,હાથસણી રોડ,મહાકાળીચોક, સાવરકુંડલા પીનં.૩૬૪૫૧૫ મો.૯૪૨૭૪૯૧૦૦૬



પડી જવાથી નહીં, પરંતુ પડ્યા રહેવાથી પતન થાય છે.




# સ્વામીશ્રી રામાનંદાચાર્યજી શિક્ષણ સંસ્થાન્

માતૃછાયા, લાયબ્રેરી સામે, મેઈન રોડ, જોરાવરનગર, સુરેન્દ્રનગર-૩૬૩૦૨૦

E-mail : Raghuvir.ramanuj@gmail.com

ટ્રસ્ટ રજી. નં. E/1641/S'nagar. PAN : AAYTS9502M

SRSS


## સમાજ જોગ નમ્ર નિવેદન

આપણા શાસ્ત્રોમાં વિદ્યા/કેળવણીને જેટલું મહત્ત્વનું સ્થાન આપવામાં આવેલ છે, તેટલું ભાગ્યેજ અન્ય કાર્યકલ્પને આપવામાં આવેલ હશે. અર્થાત્ આપણી સંસ્કૃતિમાં વિદ્યા પ્રાપ્તીને સર્વોત્તમ સ્થાન/ગુણ ગણવામાં આવે છે. રામાનંદી સાધુ સમાજ સામાન્યત્ શિક્ષિત અને સંસ્કારી સમાજ તરીકે હિન્દુ સમાજમાં આગવું સ્થાન ધરાવે છે, પરંતુ આર્થિક વિકાસમાં પાછળ રહી ગયેલ છે. વર્તમાન યુગમાં વિદ્યા/શિક્ષણની પરિભાષા આર્થિક પાસા સાથે જોડવામાં આવે છે ત્યારે આર્થિક સંપન્નતા/વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ અને આર્થિક ઉપાજનને વિકાસના માપદંડ તરીકે સ્વીકારવામાં આવે છે.

આજના સ્પર્ધાત્મક સમયમાં આપણા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈચ્છીત અભ્યાસક્રમમાં દાખલ થવા માટે આર્થિક મુંઝવણોનો સામનો કરવો પડે છે. અભ્યાસ માટે ઉંચી ફી ખર્ચ ન કરવાની અસક્ષમતાને કારણે સામાન્ય પરિવારનાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈચ્છીત અભ્યાસને બદલે અન્ય અભ્યાસક્રમોનો સહારો લેવાની ફરજ પડે છે. સ્વામી શ્રી રામાનંદાચાર્યજી શિક્ષણ સંસ્થાન અભ્યાસમાં મહેનતકસ/તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ તેમજ વ્યવસાયીક તથા રોજગારલક્ષી અભ્યાસક્રમ માટે વગર વ્યાજની લોન/સ્કોલરશિપ દ્વારા સમાજના આર્થિક વિકાસમાં સહાયરૂપ બનાવાનો સંસ્થાનો આમ પ્રયાસ છે, જે દ્વારા સમાજના સર્વાધિક પ્રયાસોથી સિદ્ધ થવાની શ્રદ્ધાથી સંસ્થા કાર્યરત સંસ્થાના હેતુ અને યોજનાની રૂપરેખા અગાઉ સમાજ સમક્ષ વિસ્તારથી રજૂ કરવામાં આવેલ છે. એટલે પુનરાર્વતન કરતો નથી, પરંતુ સમાજના ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત/મધ્યવર્ગીય શિક્ષિત નોકરીયાત વ્યવસાયી તથા સંપન્ન પરિવારોને સંસ્થા સાથે જોડાઈને પોતાનું આર્થિક યોગદાન આપવા કટીબદ્ધ થવા અમારું આહવાન છે. સમજણ, સહઅસ્તીત્વ, સમાન વિચાર, સંમર્પણની ભાવના, સમાજ માટે કંઇ પણ કરી છુટવાની ખેવના ધરાવતા સમાજમાં આપણું સ્થાન છે. તે માટે આપણને ગૌરવ પણ છે. ઉચ્ચ શિક્ષણના માધ્યમ દ્વારા આર્થિક વિકાસના લક્ષ્યને પરિપૂર્ણ કરવા માટે સંસ્થાના સામુહિક પ્રયાસોમાં આપ સૌ સક્રિય બનશો તેવી શ્રદ્ધા પણ છે. સંસ્થા દ્વારા છેલ્લે બે વર્ષમાં કામગીરી રૂપે તેજસ્વી વિદ્યાર્થીઓને આંશિક આર્થિક સહાયતા આપેલ જેની વિગત નીચે રજુ કરેલ છે.

**પ્રથમ વર્ષ :**

**૪ વિદ્યાર્થી (એમ.બી.બી.એસ.-૨, બી.ટેક-૧, બી.એચ.એમ.એસ.-૧) કુલ રૂા. ૨/- લાખ.**

**દ્વિતીય વર્ષ :**

**૯ વિદ્યાર્થી (એમ.બી.બી.એસ.-૪, બી.ટેક-૨, બી.એચ.એમ.એસ.-૧, બી.પી.ટી.-૧ બી.ઇ.મીકેનિકલ-૧) કુલ રૂ. ૪.૩૫/- લાખ.**

આગામી શૈક્ષણીક વર્ષમાં તેજસ્વી તથા લાયકાત ધરાવતા આવેદનકર્તાઓને સમાવવાનો આગ્રહ છે, એટલે તે મુજબ આર્થિક આયોજન કરવામાં સંસ્થા પ્રયત્નશિલ છે. સમાજ પણ પોતાનું યથેચ્છ આર્થિક યોગદાન આપવા તત્પર બને તેવી અપેક્ષા છે, તો આવો આપણે સૌ વિદ્યા દ્વારા વિકાસના મંત્રને સિદ્ધ કરવા સમાજના આર્થિક વિકાસમાં સહભાગી બનીએ. સમાજની એક કેન્દ્રીય સંસ્થા બનાવવામાં આવે તો કેવું સારું ! પ્રતિભાવ આપશો. સંસ્થા સાથે શરૂઆતથી જોડાયેલા દાતા સભ્યોનો ઉલ્લેખ કરવો યોગ્ય ગણાશે. તેઓશ્રી સામાજીક કાર્યમાં અગ્રેસર છે.. સન્માનનીય પણ છે.

રૂા. ૫૦૦૦ હજાર (દર વર્ષે એવા પાંચ વર્ષ સુધી) આપતા સંકલ્પદાતા-૬૭

તે પૈકી રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ રકમ આપનાર દાતા સભ્યશ્રી-૦૩

(૧) રૂા. ૫૨,૧૧૧/- માતૃશ્રી ભાગુબા મણીરામજી રામાનુજ ચેરીટેબલ ટ્રસ્ટ (જોરાવરનગર)

(૨) રૂા. ૫૪,૬૨૧/- રાજુભાઇ આદિતરામભાઇ વૈષ્ણવ (જોરાવરનગર)

(૩) રૂા. ૫૧,૧૦૦/- રઘુવીરભાઇ મણીરામભાઇ રામાનુજ (જોરાવરનગર)

- **રૂા. ૨૫,૦૦૦/- કે થી વધુ રકમ આપનાર દાતા/સભ્યશ્રી - ૧૬**

(૧) રૂા. ૨૫,૦૦૦/- દામોદરભાઇ વિઠ્ઠલદાસ અગ્રાવત (સુરેન્દ્રનગર)

(૨) રૂા. ૨૫,૫૧૧/- પ્રફુલચંદ્ર ધરમદાસજી રામાનુજ (અમદાવાદ)

(૩) રૂા. ૨૭,૨૨૨/- ડૉ. સુભાષચંદ્ર ડી. અગ્રાવત (અમદાવાદ)

(૪) રૂા. ૨૫,૦૦૦/- ડૉ. હર્ષદભાઇ લશ્કરી (અમદાવાદ)

(૫) રૂા. ૨૫,૦૦૦/- જલ્પાબેન રઘુવીરભાઈ રામાનુજ (જોરાવરનગર)
(૬) રૂા. ૨૫,૦૦૦/- ડૉ. સૃજનભાઈ અગ્રાવત (રાજકોટ)
(૭) રૂા. ૨૫,૦૦૦/- શ્રીમતી રસિલાબેન શામળદાસ નિમાવત (રાજકોટ)
(૮) રૂા. ૨૫,૦૦૦/- ડૉ. કનૈયાલાલ વૈષ્ણવ (માંડવી)
(૯) રૂા. ૩૦,૦૦૦/- કિશોરભાઈ એમ. નિમ્બાર્ક (રાણાવાવ)
(૧૦) રૂા. ૨૫,૦૦૦/- નિરજભાઈ જયસુખભાઈ નિમ્બાર્ક (અમદાવાદ)
(૧૧) રૂા. ૨૫,૦૦૦/- નરેન્દ્રભાઈ જયંતિલાલ નિરંજની (જુનાગઢ)
(૧૨) રૂા. ૨૫,૦૦૦/- જગદિશ મોટર્સ (જુનાગઢ)
(૧૩) રૂા. ૨૫,૦૦૦/- સ્વ. ભરતભાઈ એમ. વૈષ્ણવ (અંજાર)
(૧૪) રૂા. ૨૫,૦૦૦/- ડૉ. અશ્વિનભાઈ રામાનુજ (પાલીતાણા)
(૧૫) રૂા. ૨૫,૦૦૦/- ડૉ. અરુણાબેન અગ્રાવત (રાજકોટ)
(૧૬) રૂા. ૨૫,૦૦૦/- કપીલભાઈ રામાનુજ (હળવદ)
(૧૭) રૂા. ૨૫,૦૦૦/- ઘનશ્યામબાપુ (રાઘવ) સાવરકુંડલા


સંસ્થાનું લક્ષ્ય ઓછામાં ઓછા પાંચ વર્ષીય ૨૦૦ દાતા સભ્યને જોડવાનું છે, તો આગામી સત્રની શરૂઆતથી જ વધુમાં વધુ દાતા/સભ્યો જોડાય તેવી આશા છે. વર્તમાન દાતાઓ નવા સભ્યોને જોડવા સક્રિય બને તો લક્ષ્યાંકને સિદ્ધ કરવામાં બળ મળશે. ટ્રસ્ટીશ્રીઓ પણ વધુ સભ્યોને જોડવા પ્રયત્નશિલ છે. પરિણામ જરૂર મળશે તેવી શ્રદ્ધા છે. વર્તમાન ૬૭ દાતાઓ પૈકી પંચવર્ષીય યોજનાનાં દ્વિતીય, તૃત્તીય વર્ષ માટેની રકમ અનુકુળતા અનુસાર જમા કરાવવા વિનંતી છે.

સંસ્થાની કામગીરીનો અહેવાલ તથા દાતા સભ્યોની માહિતી સમાજને કદાચ વાંચવામાં વિસ્તૃત લાગે તો ક્ષમા કરશો, પરંતુ યોગ્ય પરિપેક્ષ્યમાં વિચારશો તેવી અભ્યર્થના સહ અસ્તુ - અભાર.

સીતારામ સહ,

આપનો રઘુવીર રામાનુજ
કન્વીનર ટ્રસ્ટી મંડળ વતી.

## શ્રદ્ધાંજલી




સંતવાણી આરાધક અને ભજન ની દુનિયા માં જેમનું બહુ મોટું નામ અને સમાજ રત્ન થી ગૌરવ એવા પૂ. ભીખારામબાપુ મુકામ :- ધારી .જી.અમરેલી.નું તા.૧૧/૦૫/૨૬ નાં રોજ સાકેતગમન થયેલ છે.તેઓ રમેશભાઈ અને દિનેશભાઈ અને ગીરીશભાઈ નાં પિતાશ્રી થાય.

તેમના પરિવાર સાથે સમગ્ર રામાનંદી સમાજ ઊંડા દુઃખ ની લાગણી અનુભવી રહ્યા છે..

પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના દિવંગત સ્વ. ભીખારામ બાપુ ના દિવ્ય આત્મા ને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને પરિવાર પર આવેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે તેવી શ્રી રાઘવેન્દ્ર સરકારને અને શ્રી બજરંગદાસ બાપા ના ચરણો માં પ્રાર્થના..

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા**

## શ્રદ્ધાંજલી



ડો. જગદીશભાઈ દલપતરામ વૈષ્ણવ નું તા.૨૩/૦૫/૨૬ નાં રોજ સાકેતગમન થયેલ છે. સદ્ગત આત્માને સદ્ગતી મળે તેવી પ્રભુ પ્રાર્થના...

તેમના પરિવાર સાથે સમગ્ર રામાનંદી સમાજ ઊંડા દુઃખ ની લાગણી અનુભવી રહ્યા છે..

પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના દિવંગત સ્વ. ડો. જગદીશભાઈ દલપતરામ વૈષ્ણવના દિવ્ય આત્મા ને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને પરિવાર પર આવેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે તેવી શ્રી રાઘવેન્દ્ર સરકારને અને શ્રી બજરંગદાસ બાપા ના ચરણો માં પ્રાર્થના..

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા**

# છેવટ નો સાથી

શ્રી કૃષ્ણના મૃતયુ પછી દ્રૌપદી સહિત પાંડવો ને લાગ્યુ કે, જીવન જીવવા લાયક ન હોતું. દરેક વસ્તુ માંથી તેમનો રસ ઉડી ગયો. તેમણે અભિમન્યુના પુત્ર પરિક્ષીતને સમ્રાટ બનાવ્યો. અને મહાયાત્રા કરવા માટે હસ્તિનાપુર છોડી દેવાનો નિર્ણય કર્યો. વૃક્ષની છાલ અને મૃગચર્મ પહેરેલા તેઓ નગરજનો ને તેમને જે મહેલ આગળ વિદાય આપી હતી, ત્યાં થોભ્યા.

પાંડવો ઉત્તર દિશા તરફ પ્રવાસ કરવા લાગ્યા. થોડા દિવસોમાં તેઓ હિમાલય પહોંચી ગયા. તેમણે પર્વતો નું આરોહણ ચાલુ કર્યુ. તેઓ મેરુ પર્વતે પહોચ્યા ત્યારે થાકીને લોથપોથ થઈ ગયા હતા. પછી એક ભયંકર ઘટના બની. દ્રૌપદી મૃત્યુ પામી ઢળી પડી.પાંડવો ને આઘાત લાગ્યો, પણ તેઓ કશું કરી શક્યા નહી. તેમને યાત્રા આગળ ધપાવવી પડી. તે પછી સહદેવ ઢળી પડ્યો. તેને તેના ડહાપણ (જ્ઞાન)નું ઘમંડ હતું એટલે તેણે મરવું પડ્યુ. યુધિષ્ઠીર બોલ્યા-પછી નકુલ મરણ પામ્યો. યુધિષ્ઠીરે ભીમને કહ્યું‘‘ નકુલ મરણ પામ્યો , કારણ કે તેને તેના રૂપનું ઘમંડ હતું.’’પછી અર્જુનનો વારો આવ્યો. યુધિષ્ઠીરે કહ્યું‘‘અર્જુને કહ્યુ હતું કેતે એકલા હાથે જ દુશ્મનોને હણી શકતો હતો. એવું બોલીને તેણે મહાન યોધ્ધાઓનું અપમાન કર્યુ હતું તેને એટલા માટે જ મરવું પડ્યું’’

ભીમ અને યુધિષ્ઠીરે ચાલવાનું શરૂ રાખ્યું. છેલ્લે ભીમ ઢળી પડ્યો. તે યુધિષ્ઠીર સામે બરાડી પડ્યો હું શા માટે મરૂં? મેં શું ખોટું કર્યું છે.? યુધિષ્ઠીરે કહ્યુ ‘‘ મારા વાલા ભીમ મે હંમેશા તને ચાહ્યો છે.પરંતુ તારો એક અપરાધ હતો, તું હંમેશા તારા બળની બડાશ મારતો હતો.’’ તેમને મુકીને યુધિષ્ઠીર આગળ ચાલ્યા. શાંતીની શોધમાં તેઓ એકલા આગળ ને આગળ ગયા.

પાંડવોએ હસ્તિનાપુર છોડ્યુ ત્યારથી એક કુતરો તેની પાછળ પાછળ આવી રહ્યો હતો. તે આખી યાત્રા દરમ્યાન તેમની સાથે સાથે રહ્યો હતો. યુધિષ્ઠીર એકલા પડી ગયા ત્યારે પણ તે તેમની પાછળ ચાલતો હતો. યુધિષ્ઠીરે પર્વતની કેડી પર ચડવાનું ચાલુ રાખ્યું. જ્યારે તેઓ તેમની યાત્રાના અંતિમ તબક્કામાં હતા ત્યારે તેમણે પોતાની આસપાસ એક વિચિત્ર પ્રકાશ જોયો. પોતાના રથમાં તેમની તરફ આવી રહેલા દેવોના રાજા ઈન્દ્રને તેઓ ઓળખી ગયા. જ્યારે તેઓ નજીક આવ્યા ત્યારે ઈન્દ્ર રથમાંથી નીચે ઉતર્યા અને બોલ્યા રથમાં બેસી જાઓ યુધિષ્ઠીર હું તમને સ્વર્ગમાં લઈ જવા માટે અહીં આવ્યો છું, પરંતુ યુધિષ્ઠીરે તેમ કરવાની ના પાડી, કારણ કે તેઓ તેમના ભાઈઓ અને દ્રૌપદી વગર સ્વર્ગમાં જવા માંગતા ન હતા. તેથી તેમણે કહ્યું ‘‘ જો તેઓ બધા મારી સાથે ન આવે તો હું તમારી સાથે નહીં આવું...’’

જ્યારે ઈન્દ્ર એ આ સાંભળ્યુ ત્યારે તેઓ હસ્યા અને કહ્યું, મારા પ્રિય યુધિષ્ઠીર તમે તેમની ચીંતા શા માટે કરો છો? તેઓ તો સ્વર્ગમાં ક્યારના ય છે. તમને એકલાને જ સદેહે સ્વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે. કૃપા કરીને રથમાં બેસી જાઓ.

જ્યારે યુધિષ્ઠીર રથમાં બેસવા જઈ રહ્યા હતા ત્યારે તેમણે કુતરાને તેમની પાછળ આવતો જોયો. પછી યુધિષ્ઠીર એકાએક ઈન્દ્ર તરફ ફર્યા અને બોલ્યા, મહેરબાની કરીને મને આ કુતરાને રથમાં લઈ લેવા દો. હું જ્યારથી હસ્તિનાપુરથી નીકળ્યો ત્યારથી તે મારી સાથે ને સાથે રહ્યોછે. તેમના વગર મને સ્વર્ગમાં જવાનું ગમશે નહી. કુતરા માટેનો તેમનો પ્રેમ જોઈને ઈન્દ્ર હસી પડ્યા. તેમણ કહ્યુ ‘‘ કુતરો સ્વર્ગમાં શી રીતે પ્રવેશી શકે? તેને એકલો છોડી દો અને મારી સાથે ચાલો.’’ તેમ છતા યુધિષ્ઠીર મક્કમ રહ્યો. તેમણે (નકારમાં) માથુ હલાવીને કહ્યું ભગવાન હું એવું ન કરી શકું અત્યાર સુધી આ કુતરો મારી મુશ્કેલીઓ માં ભાગીદાર બન્યો છે. તે મને વફાદાર છે. હું તેને ન છોડી શકું. જો હું એવું કરુતો અત્યાર સુધીમાં મેં કરેલા બધા જ સત્કર્મોનો નાશ થઈ જાય. યુધિષ્ઠીરે જેવા આ શબ્દો ઉચ્ચાર્યા કે તરત જ એક વિચિત્ર ઘટના બની. યુધિષ્ઠીરની બાજુમાં ઉભેલા કુતરાએ તેમના પિતા ધર્મનું રૂપ ધારણ કર્યુ. યુધિષ્ઠીરને સંબોધીને તેમણે કહ્યુ, પુત્ર મને તારા પર ગર્વ છે. તે તારા જીવનમાં હંમેશા ધર્મનું પાલન કર્યુ છે. આજે પણ તે તેનું પાલન કર્યું છે. આ એક પ્રકાની કસોટી હતી. અને તેમાં તુ સફળ થયો છે. ઈન્દ્ર સાથે સ્વર્ગમાં જા, તું એને માટે લાયક છે.

**‘‘આપણે જ્યાં સાથે હોઈએ, ત્યાં સ્વર્ગ છે.’’**

**સંકલન : ટી.કે. દેવમુરારી**


**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - સાવરકુંડલા**

**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**

**80G No. : AAFTS4033AF20218**

**સંસ્થાને દાન આપનાર દાતાને 80-G મુજબ કરમુક્તી મળશે.**

# ભારતમાં નિવૃત્ત લોકો કેમ પોતાના જીવનભરના બચાવેલા પૈસા ખર્ચી શકતા નથી?

શ્રી શર્મા (એક કલ્પિત નામ – તમારા પિતા, કાકા કે પાડોશી જેવા વ્યક્તિ) ભારતીય મધ્યમ વર્ગના સપનાનું સફળ ઉદાહરણ છે.
તેઓ એ સમયમાં મોટા થયા જ્યારે ભારતમાં અભાવ હતો - રેશન કાર્ડ,ટેલિફોન માટે વર્ષો સુધી રાહ જોવી અને નોકરીની સુરક્ષા સૌથી મોટું લક્ષ્ય હતું.
૪૦ વર્ષ સુધી તેમણે સતત મહેનત કરી. ઓટોરિક્ષા ભાડું બચાવવા બસ સ્ટોપ સુધી ચાલીને જતા. શર્ટનાં કોલર ઘસાઈ જાય ત્યાં સુધી પહેરતા.
બાળકોને IIT માં દાખલ કરવા અને ભવ્ય લગ્ન માટે પોતાનાં રજાઓનો ત્યાગ કર્યો.
આજે, ૬૮ વર્ષની ઉંમરે, શ્રી શર્મા પાસે સારા વિસ્તારમાં પોતાનું ઘર છે અને ૩ કરોડથી વધુનો રિટાયરમેન્ટ ફંડ (FD, PPF અને મ્યુચ્યુઅલ ફંડમાં) છે.
તેમણે જીવનની રેસ જીતી લીધી છે. તેઓ આર્થિક રીતે સ્વતંત્ર છે.
પરંતુ ગઈકાલે મે મહિનાની ગરમીમાં તેઓ ઊંઘમાંથી પસીનામાં તરબતર થઈને જાગ્યા, કારણ કે તેમણે AC માત્ર એક કલાક પછી બંધ કરી દીધું - "વીજળી કેમ બગાડવી ?" એમ બબડ્યા.
આ છે આધુનિક ભારતીય નિવૃત્ત વ્યક્તિની ટ્રેજેડી - તેઓ પાસે સંપત્તિ છે, પૈસા છે, પરંતુ જીવનશૈલી ગરીબ છે.
આ સ્થિતિને ફાઈનાન્શિયલ સાઈકોલોજીમાં "સ્વિચ ફેલ્યર" કહેવામાં આવે છે - ખર્ચ કરવાની અસમર્થતા.

★સતત બચત કરનારનું મનવિજ્ઞાન

ચાર દાયકાઓ સુધી તેમના મનમાં "SAVE" બટન જ ચાલુ રહ્યું. દરેક નાણાકીય નિર્ણય બચતના દ્રષ્ટિકોણથી લેવાયો. બચત માત્ર ટેવ નહોતી, પણ અનિશ્ચિત ભવિષ્ય સામેનું રક્ષણ હતું.
પછી નિવૃત્તિના દિવસે તેમને કહેવામાં આવે છે કે હવે "SPEND" કરો.
પરંતુ તેઓ આ સ્વિચ ફેરવી શકતા નથી.
૪૦ વર્ષથી બનેલા મગજના રસ્તાઓ એટલા મજબૂત છે કે પૈસા ખર્ચવો તેમને દુખ કે પાપ જેવું લાગે છે.
એવું લાગે છે કે તેઓ પોતાની જ જીવનભરની મહેનતનું ઝાડ કાપી રહ્યા છે.

★ભારતમાં "સ્વિચ ફેલ્યર"ના લક્ષણો

ઘણા ઘરોમાં આ સ્થિતિ જોવા મળે છેઃ

★ FD વ્યાજનો ફંદોઃ- તેઓ ફક્ત FDના વ્યાજમાંથી જ ખર્ચ કરે છે. મૂળ રકમને સ્પર્શ કરવો પાપ સમાન લાગે છે.
★ મેડિકલ વિલંબઃ- કરોડો હોવા છતાં ઘૂંટણ કે આંખની સર્જરી મોડું કરે છે - ખર્ચ વધુ લાગે છે.
★ પ્રવાસ વિસંગતિઃ- ૭૦ વર્ષની ઉંમરે પણ આરામદાયક 2AC કે ફ્લાઈટના બદલે સ્લીપર ક્લાસમાં જ મુસાફરી કરે છે.
★ વારસાની ચિંતાઃ- આખું ધન બાળકો માટે જ બચાવી રાખવાની માન્યતા - પોતે કમીમાં જીવે છે.

★સૌથી મોટો ડરઃ "જો હું બહુ લાંબો જીવી ગયો તો?"

પૈસા ખૂટવાનો ડર જ મુખ્ય કારણ છે.મોંઘવારીના કારણે રૂપિયા કેટલો ઘટ્યો છે તે તેમણે જોયું છે. તેમને વિશ્વાસ નથી કે આજના ૩ કરોડ ૨૦ વર્ષ પછી પૂરતા રહેશે.
તેથી તેઓ સૌથી ખરાબ પરિસ્થિતિ માટે તૈયારી કરે છે - અને શ્રેષ્ઠ પરિસ્થિતિ (જીવનનો આનંદ માણવો) ચૂકી જાય છે.

★અંતિમ પરિણામઃ "સૌથી અમીર લાશ"

આ સ્વિચ ફેલ્યરનો અંત દુઃખદ છે.તેઓ ૩૦-૫૦ વર્ષની ઉંમર બચત માટે વાપરે છે, પરંતુ જ્યારે આનંદનો સમય આવે છે ત્યારે તેઓ તેને જીવી શકતા નથી.
અંતે તેઓ ઘણું ધન છોડીને જાય છે - પરંતુ પોતે અધૂરું જીવન જીવે છે.

★આ સ્વિચ કેવી રીતે ફેરવો?

આ માટે માત્ર તર્ક નહીં, પરંતુ ભાવનાત્મક બદલાવ જરૂરી છેઃ
૧. ખર્ચ કરવાની પરવાનગી ફંડ
અલગ એકાઉન્ટ બનાવો. આ પૈસા ફક્ત આનંદ માટે છે - લક્ઝરી, શોખ, પ્રવાસ. જો વર્ષના અંતે ખર્ચ ન થાય તો દાન કરો.
૨. બકેટ સ્ટ્રેટેજી
ધનને બે ભાગમાં વહેંચોઃ
Bucket A: જરૂરી ખર્ચ અને મેડિકલ માટે (૮૫/૯૦ સુધી)
Bucket B: જીવન માણવા માટે, આથી મન શાંત થાય છે.
૩. વારસાની માન્યતા બદલો
બાળકો માટે સૌથી મોટું ગિફ્ટ પૈસા નથી - પરંતુ ખુશ, સ્વસ્થ અને સ્વતંત્ર માતા-પિતા છે.

★અંતિમ વિચારઃ

પૈસા એટલે સંગ્રહિત ઊર્જા.તમે આખું જીવન આ ઊર્જા એકત્ર કરી છે.જો તમે તેને આનંદ, આરામ અને અનુભવોમાં પરિવર્તિત નહીં કરો, તો તે વ્યર્થ જશે.
તમે ૪૦ વર્ષ કામ કર્યું માત્ર હોસ્પિટલમાં સૌથી અમીર દર્દી બનવા માટે નહીં. સ્વિચ ફેરવો. ટિકિટ ખરીદો. AC ચાલુ રાખો. તમે તેનો હકદાર છો.

**સંકલનઃ અમરદાસજી આર.નિમાવત(ટ્રસ્ટી)**




## श्रीमद् भगवद्‌गीता १८ अध्याय, १८ संदेश




अध्याय १: मोह ही दुख का कारण है।
अध्याय २: आत्मा अमर है, मृत्यु का डर छोड़ो।
अध्याय ३: कर्म करो, फल की चिंता मत करो।
अध्याय ४: ज्ञान से ही अज्ञान का अंधेरा मिटता है।
अध्याय ५: शांति अपने भीतर ही खोजें।
अध्याय ६: मन को जीतना ही सबसे बड़ी जीत है।
अध्याय ७: श्रद्धा ही ईश्वर तक पहुँचने का मार्ग है।
अध्याय ८: अंत समय में जैसा भाव, वैसी ही गति।
अध्याय ९: परमात्मा हर कण में वास करते हैं।
अध्याय १०: ईश्वर ही सृष्टि का आदि और अंत है।
अध्याय ११: काल के सामने सब विवश हैं, बस निमित्त बनो।
अध्याय १२: भक्ति ही परम सत्य का मार्ग है।
अध्याय १३: शरीर क्षेत्र है, और आत्मा उसका ज्ञाता।
अध्याय १४: गुणों से ऊपर उठकर ही मुक्ति संभव है।
अध्याय १५: परमात्मा ही संसार रुपी वृक्ष की जड़ हैं।
अध्याय १६: अहंकार का त्याग करो, दैवीय गुण अपनाओ।
अध्याय १७: जैसी तुम्हारी श्रद्धा होगी, वैसे तुम बनोगे।
अध्याय १८: सब कुछ ईश्वर को सौंप दो, वही तुम्हें बचाएंगे।



## જીવનમાં ઉતારવા જેવું

સાચવવા જેવી હોય તો - ઈજ્જત છે
ગળી જવા જેવું હોય તો - અપમાન છે
પચાવવા જેવું હોય તો - બુદ્ધિ છે
પીવા જેવું હોય તો - ક્રોધ છે
આપવા જેવું હોય તો - દાન છે
લેવા જેવું હોય તો - જ્ઞાન છે
ફેંકી દેવા જેવું હોય તો - ઈર્ષા છે
વશ કરવા જેવું - મન છે
છોડવા જેવું હોય તો - અનિતિ છે
જાળવવા જેવી હોય તો - મર્યાદા છે

**પૂજવા લાયક હોય તો - માતા-પિતા છે**

**સેવા-સહકાર-સંગઠન**

માં કમળામાતાજી ની અસીમ કૃપાથી તેમજ ઈષ્ટદેવ હનુમાનજી મહારાજ તથા રામચંદ્રજી ભગવાન ના આશીર્વાદથી રામાનંદી સમાજના પ્રથમ ૧૧ દિકરીઓના સમૂહલગ્ન નું આયોજન કરવા જઈ રહ્યા છીએ

# રામાનંદી સાધુ સમાજ ના પ્રથમ
# સમુહ લગ્ન સુમારોહ

લગ્ન તારીખ ૨૦/૧૨/૨૦૨૬ માગશર સુદ ૧૧ ને રવિવાર

**સમુહ લગ્ન માં જોડાવવા માટે સંપર્ક**

**હરેશભાઈ રામાવત,ભુતિયા(શેત્રુંજી ડેમ) મો.૯૫૫૮૬૪૧૭૧૬**
**રાજુભાઈ દેવમુરારી, પાલીતાણા મો.૯૯૨૫૪૧૭૮૫૩**
**હરેશભાઈ અગ્રાવત, સેંજળીયા મો.૯૯૦૯૧૩૪૦૫૩**

**લગ્ન સ્થળ**

**શ્રી વાટલીયા પ્રજાપતિ ની વાડી મુ.ભુતિયા (શેત્રુંજી ડેમ) તા.પાલીતાણા જી.ભાવનગર**

## વાલીઓ માટે સૂચન

- બાળકોને વહેલા ઉઠાડવાની ટેવ પાડો, કારણ સફળતા અને વહેલા ઉઠવું એક મેક સાથે જોડાયેલું છે.
- સંતાનો માં જે પ્રકારનુ સંસ્કારનું સિંચન કરવું હોય તે પ્રકારનું વાલીનું જીવન હોવુ જોઈએ બાળકોમાં મા અને બાપના જીવન વ્યવહારનું પ્રતિબિંબ પડે છે. એ ભુલવા જેવું નથી.
- સંતાનો તેમના પોતાના કામ પોતાની જાતે કરે તેનો આગ્રહ રાખો. ઉપરાંત ઉંમર પ્રમાણે ઘરના કામ કરવાનો પણ આગ્રહ રાખો.
- યુવાન દિકરા-દિકરીઓ ઘરની બહાર હોય ત્યારે તે ક્યાં જાય છે, તેમના મિત્રો-બહેનપણી કોણ છે તેની જાણકારી રાખો.
- સંતાનો તરફ વધારે લાડપ્રેમ બતાવીને વધારે પૈસા વાપરવા આપો નહીં. આપેલા પૈસા શેના માટે વાપરે છે તે જાણો.
- મોબાઈલ યુગ છે - સમાચાર કે સંપર્ક માટે જરૂરી છે. છતાં પણ સાદો મોબાઈલ વાપરે તેવો આગ્રહ રાખવો. ગીત-સંગીત-ફોટા પડે તેવા મોબાઈલ આપવા નહીં.
- દિકરીને સ્કુલ લેવલે - કન્યાશાળામાં અને કોલેજ મહિલા કોલેજમાં પ્રવેશ લેવાનો આગ્રહ રાખો.
- ગ્રામ્ય વિસ્તારમાં રહેતાં દિકરી-દિકરીઓને બસ-ટ્રેઈનમાં અપ-ડાઉન કરાવવાના બદલે આપણી બોર્ડીંગ-ગુરૂકુળ-કન્યા છાત્રાલયોમાંદાખલ કરો. જ્યાં શિક્ષણ અને સંસ્કાર બન્ને મળશે.
- છાત્રાલયના નિયમોનું પાલન વાલીઓએ પણ કરવાનું હોય છે. જેથી જે નિયમો છાત્રાલયના હોય તેને અનુસરો અને સહકાર આપો.
- છાત્રાલયમાં જે વાલી તરીકે મળવાના સમયે મળવા આવે ત્યારે નિયમોને આધિન રહી મુલાકાત રૂમમાં જ પરવાનગી લઈને મળો સિધ્ધા કોઈ પણ રૂમમાં પ્રવેશ ન કરવો, વિગેરે જે નિયમો છે તેનું ખાસ ધ્યાન રાખો અને કર્મચારીશ્રીઓનું અથવા અધિકૃત વ્યક્તિશ્રીઓનું સન્માન જાળવો.
- સંસ્કાર આપણાથી જ મળે છે સારું જોઈતું હોય તો સારું જ વર્તન કરીએ.
- દિકરા-દિકરીઓ અને વાલીઓ ઉપરના સૂચનો પ્રમાણે સાવધાની રાખશો તો સારા પરિણામ આવશે.
- સામાજિક પ્રવૃતિ કરતા સંગઠનોના કાર્યકર્તાઓ પણ સમાજના દિકરા-દિકરીઓ માટે તકેદારી રાખે કોઈ જગ્યાએ ધુમાડો દેખાય તો આગ પકડે તે પહેલાં જ પાણી છાંટવું એ ડહાપણનું કામ છે.

**સંકલન : અરૂણભાઈ ડી. દેવમુરારી**

## કેન્દ્ર સરકારે વરિષ્ઠ નાગરિકો માટે રેલ્વે મુસાફરી માટે રાહત સુવિધાઓની જાહેરાત કરી છે

૧. પુરૂષ વરિષ્ઠ નાગરિક મુક્તિ વય ૬૦ વર્ષ અથવા તેથી વધુ
૨. સ્ત્રી વરિષ્ઠ નાગરિક રાહત વય ૫૮ વર્ષ કે તેથી વધુ
૩. પુરુષો માટે રેલવે પેસેન્જર ભાડામાં ૪૦% ડિસ્કાઉન્ટ
૪. મહિલાઓ માટે રેલ્વે ભાડા પર ૫૦% ડિસ્કાઉન્ટ
૫. આ ડિસ્કાઉન્ટ રેલ્વે પેસેન્જર ટ્રેનોની કોઈપણ કેટેગરીમાં ઉપલબ્ધ હશે જેમ કે મેલ/એક્સપ્રેસ/રાજધાની/શતાબ્દી/જનશતાબ્દી/દુરંતો -
૬. રેલ્વે રિઝર્વેશન / અથવા, બધી સામાન્ય ટિકિટો કરતી વખતે કોઈ ઉંમરનો પુરાવો આપવાની જરૂર નથી
૭. જો કે, ટ્રેનમાં મુસાફરી કરતી વખતે, રેલ્વે ટિકિટ ચેક (TC)ના કિસ્સામાં ઉંમરના પુરાવા તરીકે PAN કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ અથવા ફોટો સાથે સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત કોઈપણ પત્ર સબમિટ કરવાનું ફરજિયાત છે.
૮. વરિષ્ઠ નાગરિકો તેમની રેલ્વે ટિકિટ કોઈપણ ટિકિટ / રિઝર્વેશન ઑફિસમાંથી અથવા ઈન્ટરનેટ દ્વારા ખરીદી શકે છે
૯. પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS)માં, વરિષ્ઠ નાગરિકો, સગર્ભા સ્ત્રીઓ અને ૪૫ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને રેલવેમાં સ્લીપર ક્લાસમાં ૬ બર્થ, AC-3, AC-૨માં ૩ બર્થ આપવામાં આવે છે

રાજધાની/દુરન્તોમાં ૪ ઉપરની બર્થ આરક્ષણ માટે સુનિશ્ચિત કરવામાં આવશે

વરિષ્ઠ નાગરિકો, બીમાર મુસાફરો, વિકલાંગ મુસાફરોને વ્હીલચેર વિનામૂલ્યે આપવામાં આવશે

ઉપરાંત, જો વરિષ્ઠ નાગરિકોને માર્ગદર્શક (અધિકૃત પોર્ટર)ની જરૂર હોય, તો તેઓએ અલગ ફી ચૂકવવી પડશે

રેલવે પ્રશાસન કેટલાક મહત્વપૂર્ણ રેલવે સ્ટેશનો પર બીમાર, અશક્ત અને વરિષ્ઠ નાગરિક મુસાફરોને બેટરી સંચાલિત આધુનિક વ્હીલચેર વિનામૂલ્યે પ્રદાન કરશે.

IRCTC વિશેષ યાત્રી મિત્ર સેવા / વરિષ્ઠ નાગરિકો, વિકલાંગો અને બીમાર રેલ્વે મુસાફરોની સેવાઓ માટે ઘણા મોટા રેલ્વે સ્ટેશનો પર શરૂ કરવામાં આવી છે.

રેલ્વે પેસેન્જર ટ્રેનના ઉપડ્યા પછી, જો ઉપરોક્ત રાહતો માટે આરક્ષિત નીચેની બર્થ ખાલી હોય, તો બાકીની બર્થ અન્ય તમામ સામાન્ય મુસાફરો ને વેઈટિંગ ચાર્ટમાં વરિષ્ઠ નાગરિકો, વિકલાંગ વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓને પ્રથમ અગ્રતા આપીને આપી શકાય છે. રેલ્વે રેલ્વે ટિકિટ નિરીક્ષણ.

ઉપરોક્ત તમામ મહત્વની માહિતી તમામ રેલ્વે મુસાફરો સુધી પહોંચાડવા વિનંતી છે અને જરૂરિયાતમંદોએ તેનો લાભ લેવો જોઈએ

# આવતો સમય શું અવિવાહિતાઓનો યુગ બનશે..?

તાજેતરના એક સર્વે અનુસાર, આગામી છ વર્ષોમાં વિશ્વની લગભગ ૪૫% યુવતીઓ અવિવાહિત રહી શકે છે.

**આ માહિતી લોક જાગૃતિ સંદેશ સાથે ચેતવણી આપે છે.**

**સર્વેમાં જોવા મળેલા મુખ્ય કારણો :-**

૧. આજકાલની યુવતીઓ ઉચ્ચ શિક્ષણ લઈ રહી છે અને કારકિર્દીને પ્રાથમિકતા આપે છે.
૨. તેઓ આર્થિક રીતે સ્વતંત્ર છે અને કોઈ પર આધારિત રહેવું નથી ઈચ્છતી.
૩. તેમને સ્વતંત્રતા પ્રિય છે અને તેઓ પોતાના નિર્ણયો પોતે લેવા માંગે છે.
૪. લગ્ન, માતૃત્વ, અને કુટુંબની જવાબદારીઓ તેમની પ્રગતિમાં અડચણ બને છે એવું તેમને લાગવા લાગ્યું છે.



૫. જો આ પ્રવૃતિ ચાલુ રહેશે તો પરંપરાગત કુટુંબ પ્રણાલી અને સામાજિક રચના નબળી પડી શકે છે.
૬. વસ્તીમાં ઘટાડો, અવિવાહિત લોકોની સંખ્યા વધવીઅને વૃદ્ધાવસ્થામાં એકાલતા જેવી સમસ્યાઓ ઊભી થઈ શકે છે.
૭. અંતે પ્રશ્ન એ છે-પ્રગતિ, પદ અને પૈસાનો શું ઉપયોગ, જો જીવનના અંતે સાથે રહેવા માટે કોઈ જ ન હોયતો...?

ઘણા માતા-પિતા યુવતીઓ માટે સંબંધ શોધી રહ્યા છે, પરંતુ યુવતીઓને જ લગ્નમાં રસ ન હોવાથી દરેક પ્રસ્તાવ નકારી દેવામાં આવે છે.

**સમાજના મોટા ભાગને આ બદલાવની ગંભીરતા હજુ સમજાઈ નથી, તેથી સમયસર જાગૃત થવું જરૂરી છે.**

યુવતીઓ માટે યોગ્ય લગ્ન વય ૨૩ થી ૨૬ વર્ષ માનવામાં આવે છે. શક્ય હોય તો તેનેથી પણ વહેલું
આ માટે સામૂહિક સ્તરે જાગૃતિ અને પ્રયત્નોની જરૂર છે.
આ વિષય કોલના વિરોધમાં નથી, પરંતુ ભવિષ્યમાં સ્થિરતા અને સંતુલન અંગેની ચિંતા પરથી રજૂ કરવામાં આવ્યો છે.
સમાજ, કુટુંબ અને વ્યક્તિગત જીવન વચ્ચે સંતુલન જ સાચી પ્રગતિ છે.

## ભવિષ્યની એક ગંભીર સમસ્યા

૧.જ્યારે લગ્ન ૨૦ વર્ષની વયે કરતા હતા, ત્યારે એક સદીમાં ૫ પેઢીઓ જોવા મળતી હતી.
૨.જ્યારે લગ્ન ૨૫ વર્ષની વયે કરતા હતા, ત્યારે ૪ પેઢીઓ હતી.
૩.હવે ૩૦ વર્ષની વયે લગ્ન થતા હોવાથી, એક સદીમાં ફક્ત ૩ પેઢીઓ જ રહે છે.

સૌથી મોટી ભુલ - યુવતીના પિતાની છે... જેઓ પોતે ૨૦-૨૨ વર્ષની વયે લગ્ન કરીને કુટુંબ ઊભું કર્યું, તે જ હવે પોતાની દિકરીના લગ્ન ૩૦ સુધી ન કરી ને ગર્વ અનુભવે છે.

લગ્ન ફક્ત બાંધછોડ નથી- તે કુટુંબ અને સમાજનો આધાર છે.
સંસ્કૃતિ, પરંપરા અને પેઢીઓને આગળ વધારવાનો માર્ગ છે.

મોડા લગ્ન, મોડું બાળક, અને પછી એક જ બાળક પછી વિવિધ કારણો...
આ હવે સામાન્ય બની ગયું છે.

૧.યુવતીઓ ૩૦-૩૫ વર્ષની વય સુધી અવિવાહિત છે.
૨.યુવકો ૩૫ પછી પણ અવિવાહિત છે.
૩.મોડા લગ્ન...અને પછી છુટાછેડા.

તૂટતા કુટુંબો..દુઃખી માતા-પિતા..એકલા માતા-પિતા.. એક સંપૂર્ણ પેઢી ખાલીપણું અનુભવે છે.

શું આપણે આને "શિક્ષિત સમાજ" કહીશું..? કે "પોતાનું નુકસાન કરતો સમાજ"?

પરિણામ ??
યુવકો અને યુવતીઓ ડિપ્રેશનમાં જઈ રહ્યા છે.
યોગ્ય સમયે ન તો લગ્ન થાય છે, ન તો યોગ્ય નોકરી મળે છે.
લોકો સમાજ કરતા એકલા રહેવું વધારે પસંદ કરે છે.

હવે સમજવનો સમય આવી ગયો છે.
બાળકોને વધુ સ્વતંત્રતા આપીને આપણે તેમની સમજ ઓછી કરી છે.
લગ્ન આગળ ધકેલાયા, અને જ્યારે તયા ત્યારે મોડુ થઈ ગયું.. અને પછી ફરી એજ એકલતા.

- જો ૫૦ દંપતીમાં ફક્ત એકજ બાળક હોય,તો આગામી પેઢીમાં બાળકો ખૂબ ઓછા રહેશે.
- આમ ચાલતુ રહ્યું તો ત્રીજી પેઢી લગભગ અદૃશ્ય થઈ જશે.
- ગલીઓ અને વિસ્તારો ખાલી થઈ રહ્યા છે. લોકો રસ્તાઓ પર વધુ સમય વિતાવી રહ્યા છે.
- ગામો ધીમે ધીમે ખાલી થઈ રહ્યા છે.
- શહેરોમાં ઉંચી ઈમારતો છે, પરંતુ સંયુક્ત કુટુંબ પ્રણાલી ખતમ થતી જઈ રહી છે.
- નવી વહુઓ ફક્ત એક જ બાળક ઈચ્છે છે.
- હકીકત એ છે કે હવે પ્રેમનું પ્રમાણ નથી રહ્યા,બાળકને જન્મ આપવો એક જવાબદારી અથવા મજબુરી બની ગયો છે.

યોગ્ય લગ્ન વય:
યુવકો માટે - ૨૫ વર્ષ પહેલા
યુવતીઓ માટે - ૨૦ વર્ષ પહેલા

**નહિતર ઈતિહાસ લખશે - "એવો સમાજ જેણે પોતે જ પોતાને સમાપ્ત કરી દીધો."**

**★તેથી વિચારો અને સમજદારી થી વર્તો. ★ તમારા બાળકોના લગ્ન સમયસર કરો.**

**કારણ કે કુટુંબ નહી હોય તો સમાજ ટકી શકશે નહીં..**



પડી જવાથી નહીં, પરંતુ પડ્યા રહેવાથી પતન થાય છે.

## ચોટીલા નિમાવત પરિવારનું ગૌરવ




ચોટીલા નિવાસી શ્રી રાધેશ્યામભાઈ વજેરામભાઈ નિમાવતના પુત્ર શ્રી વિશાલકુમાર રાધેશ્યામભાઈ નિમાવતની પુત્રી **ચિ. નિલંજના (નિવા)** રાજકોટની ધોળકીયા સ્કૂલમાં અભ્યાસ કરતી અને ધોરણ ૧૨ આર્ટસ માં માર્ચમાં લેવાયેલ પરીક્ષામાં ૯૨.૮૫% અને ૯૯.૪૦ PR સાથે સ્કૂલમાં સેકન્ડ નંબર મેળવેલ છે. તેણે જે.કે ધોળકીયા સ્કૂલનું અને નિમાવત પરિવારનું ગૌરવ વધારેલ છે. તેમજ તેનો નાનો ભાઈ **ચિ. ધ્વનીત** પણ ધોરણ ૬ માં એ ગ્રેડ મળેલ ૮૮.૧૪% સાથે સ્કૂલમાં સેકન્ડ નંબર મેળવતા સ્કૂલનું અને નિમાવત પરિવારનું ગૌરવ વધારેલ છે. બંન્ને બહેન-ભાઈ અભ્યાસ ક્ષેત્રે ઉત્તરોતર પ્રગતિ કરે તેવી પ્રભુ પાસે પ્રાર્થના સાથે ખૂબ ખૂબ અભિનંદન..



### અભિનંદન પાઠવતા

શ્રી રાધેશ્યામભાઈ વજેરામભાઈ નિમાવત(દાદા)
સ્વ. અરૂણાબેન રાધેશ્યામભાઈ નિમાવત (દાદી)
શ્રી વિશાલકુમાર રાધેશ્યામભાઈ નિમાવત (પિતા)
શ્રીમતિ અવંતિબેન વિશાલકુમાર નિમાવત (માતા)

**મોસાળ પક્ષ** (ભુરખીયા)

સ્વ.જનકરાય મનસુખલાલ નિમાવત (નાના)
ગં.સ્વ. અન્નપૂર્ણાબેન જનકરાય નિમાવત (નાની)
શ્રી અજયભાઈ જનકરાય નિમાવત (મામા)
શ્રીમતિ હિરલબેન અજયભાઈ નિમાવત (મામી)
શ્રી હર્ષ અજયભાઈ નિમાવત (ભાઈ)
ઓમ અજયભાઈ નિમાવત (ભાઈ)



રૂા.૧૫૦૦ પ.નં ૫૦૨ થી મળેલ છે.

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને મિષ્ટ ભોજન તિથી યોજના અંતર્ગત રૂા.૧૫૧૧૧ નું તિથી દાન (રાણાવાવ)



સ્વ. પુનીતકુમાર જયેશભાઈ અગ્રાવત
સ્વ. તા. ૨૨-૦૫-૨૦૨૫ સંવત ૨૦૮૧ વૈશાખ વદ ૧૦ ને ગુરૂવાર

રાણાવાવ નિવાસી શ્રી જયેશભાઈ અગ્રાવતના પુત્ર અને શ્રી ધાર્મિકભાઈ જયેશભાઈ અગ્રાવતના જયેષ્ઠ બંધુ **સ્વ.પુનિતભાઈ જયેશભાઈ અગ્રાવત** નાની ઉંમરે સંવત ૨૦૮૧ ના વૈશાખ વદ- ૧૦ ને ગુરૂવાર તા ૨૨/૦૫/૨૦૨૫ ના રોજ સાકેતવાસી થયેલ તેમની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથીએ આપણી ગૌરવવંતી શૈક્ષણિક સંસ્થા શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ સાવરકુંડલાને યાદ કરી સ્વ. પુનિતભાઈ ની કાયમી પૂણ્ય સ્મૃતિમાં સંસ્થાની ચાલતી કાયમી મિષ્ટ ભોજન તિથી યોજના અંતર્ગત સ્વ.ની તિથી ના દિવસે પ્રતિ વર્ષ છાત્રબાળાઓને ભોજન આપવા માટે રૂા.૧૫૧૧૧/-નું એક તિથી નું દાન પ.નં ૨૯૨/૨૯૩ થી મળેલ છે.

પૂણ્ય તિથી :- વૈશાખ વદ-૧૦ (દશમ) સ્વ. તા. ૨૨/૦૫/૨૦૨૫
પ્રેરણા :- શ્રી કિશોરભાઈ હિંમતલાલ નિમ્બાર્ક (રાણાવાવ)
ટ્રસ્ટી /ચેરમેન શ્રી ગુ.રા.સા.સ.ઉ.મંડળ

**:: હસ્તે ::**

શ્રી ધાર્મિકભાઈ જયેશભાઈ અગ્રાવત (નાનાભાઈ)
શ્રી ઉમંગભાઈ વિજયભાઈ અગ્રાવત (માસી ના દિકરા ભાઈ)
શ્રી નિધ્યાબેન અશ્વિનભાઈ દેવમુરારી (મામાની દિકરી બહેન)

આસોપાલવ સોસાયટી, સ્ટેશન રોડ, રાણાવાવ મો.૯૫૭૪૩ ૨૯૪૩ / ૮૧૫૩૯ ૯૦૦૬૫

Postal Registration No. G - AMR - 147-2024-26 Registered RNI No. Guj Guj/2006/31049
Permitted to post at Savarkundla by Spo's Amreli on 10th of every Month Vide Letter

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલા ને કાયમી મિષ્ટ ભોજન તિથી યોજના અંતર્ગત રૂા- ૧૫૧૧૧/- તિથીદાન (મોરબી) અમદાવાદ



સ્વ. શ્રી હિંમતરામ સરજુદાસ રામાનુજ
જન્મ તાઃ ૧૬/૦૪/૧૯૩૫ સ્વ. તાઃ ૧૯/૦૪/૨૦૨૪
ચૈત્ર સુદ-૧૧ (એકાદશી) સં.૨૦૮૧

મોરબી નિવાસી હાલ બોપલ અમદાવાદ સ્થિત લલીતભાઈ હિંમતરામ રામાનુજ તથા નરોડા અમદાવાદ સ્થિત ભરતભાઈ હિંમતરામ રામાનુજના સ્વર્ગીય પિતાશ્રી હિંમતરામ સરજુદાસ રામાનુજની કાયમી પૂણ્ય સ્મૃતિમાં શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકૃળ કન્યા છાત્રાલય સાવરકુંડલા સંસ્થાની ચાલતી કાયમી મિષ્ટ ભોજન તિથી યોજના અંતર્ગત સ્વ.ની તિથી ના રોજ પ્રતિવર્ષ છાત્રબાળાઓને મિષ્ટ ભોજન આપવા માટે સંસ્થાના દયાવિધી કાયમી નિભાવ ફંડમાં રૂા.૧૫૧૧૧/- નું એક તિથી નું દાન પ.નં ૩૪૦ થી મળેલ છે. દાતા પરિવારનો ટ્રસ્ટીઓ અને ગુરૂકુળ પરિવાર હૃદય થી આભાર માને છે.

પ્રેરણાઃ સવ્યંભૂ રામભક્ત ના માધ્યમથી

પૂણ્યતિથીઃ- ચૈત્ર સુદ-૧૧ (એકાદશી) સં. ૨૦૮૧ સ્વ.તા.૧૯-૦૪-૨૦૨૪

-: હસ્તે :-

| | |
|---|---|
| શ્રી લલીતભાઈ હિંમતરામ રામાનુજ | શ્રી ભરતભાઈ હિંમતરામ રામાનુજ |
| શ્રીમતિ નયનાબેન લલીતભાઈ રામાનુજ | શ્રીમતિ હિનાબેન ભરતભાઈ રામાનુજ |
| મોરબી : હાલ બોપલ અમદાવાદ | મોરબી : હાલ નરોડા અમદાવાદ |

તથા રામાનુજ પરિવાર

રૂા. ૧૫૧૧૧/- પ.નં....થી મળેલ છે.

## શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

રામભક્ત લવાજમ, દાનભેટ, છાત્રાલયને દાનભેટ મોકલવા માટે
હવે બાજુમાં આપેલ **QR Code** સ્કેન કરીને ઓનલાઇન ભેટ મોકલી શકાશે.
વોટ્સએપ પર જાણ કરો. વોટ્સએપ ફોન નં.૯૪૦૯૮ ૫૧૨૫૧
સંસ્થાનું મળતું દાન કલમ 80G હેઠળ કરમુક્તને પાત્ર છે.
AAFTS4033A25AT01 - AAFTS4033A25AT02

લવાજમ લેખો ભેટ ફાળો મોકલવાનું તેમજ પત્ર વ્યવહારનું સરનામું

If not delivered Please return to

From :
રામભક્ત કાર્યાલય
ભાનુભાઇ ડી. રામાનૂજ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય, સાવરકુંડલા-૩૬૪૫૧૫
જી.અમરેલી. મો.નં.૬૩૫૩૮૯૦૧૯૬
E-mail : rambhakt.svkd@gmail.com
http://www.rambhaktsvkd.org

પ્રતિ શ્રી, ______________________ *Printed Book*

______________________

______________________

______________________

પીન નં. : ☐☐☐☐☐☐

OWNER : BHANUBHAI D. RAMANUJ (TRUSTY)
SHREE GUJARAT RAMANANDI SADHU SAMAJ UTKARSH MANDAL - SAVARKUNDALA
EDITER : BHANUBHAI D. RAMANUJ
PRINTER & PUBLISHER : BHANUBHAI D. RAMANUJ (TRUSTY)
SHREE GUJARAT RAMANANDI SADHU SAMAJ UTKARSH MANDAL - SAVARKUNDALA
PRINTED AT : SURESHBHAI M. BOTADARA
HARIOM OFFSET, PALIYAD ROAD, BOTAD-364 710. E-mail : hariom.offsetbotad@gmail.com
PUBLISHED AT : RAMBHAKTA KARYALAYA,
SHREE BAJRANGDASBAPA RAMANNAND GRUKUL KANYA CHHATRALAYA,
SAVARKUNDLA - 364 515. DIST.AMRELI - GUJARAT